GUVNL

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ

સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા - ૩૯૦૦૦૭

CIN U40109GJ2004SGC045195
E-mail - cetech.guvnl@gebmail.com

An ISO 9001:2015 Certified Company
Phone: 0265-2340205

ક્રમાંકઃ જીયુવીએનએલ/ટેક-3/સોલારસેલ/પી.એમ. કુસુમ-બી/1524 તારીખઃ 14.09.2023

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી
દક્ષિણ - મધ્ય - પશ્ચિમ - ઉત્તર ગુજરાત વીજ વિતરણ કંપની લી.
રજી. અને કોર્પોરેટ ઓફીસ
સુરત - વડોદરા - રાજકોટ – મહેસાણા

**વિષય: રાજ્યમાં પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબત**

સંદર્ભ: ૧) એમ.એન.આર.ઈ., ભારત સરકારના 3rd સેન્ટ્રલાઇઝ્ડ ટેન્ડર હેઠળ વિવિધ પ્રકાર અને કેટેગરીના સ્ટેન્ડએલોન સોલાર પંપ માટે મંજુર કરેલ વેન્ડરની યાદીનો O.M. તા. ૨૫-૦૭-૨૦૨૩
૨) જીયુવીએનએલના પત્ર ક્ર. GUVNL/Tech-3/SolarCell/PM-KUSUM-B/DE-1/1314 dated 31-07-2023
3) જીયુવીએનએલના પત્ર ક્ર. GUVNL/Tech-3/SolarCell/PM-KUSUM-B/1521 dated 13-09-2023

શ્રીમાન,

MNRE દ્વારા Solar Energy Corporation of India Limited (SECI) મારફત પી.એમ. કુસુમ યોજનાના કોમ્પોનન્ટ-બી અન્વયે 3rd સેન્ટ્રલાઇઝ્ડ ટેન્ડર કરવામાં આવેલ, જે અનુસંધાને એમ.એન.આર.ઈ., ભારત સરકાર દ્વારા તા. ૨૫-૦૭-૨૦૨૩ના O.M. થી વિવિધ પ્રકાર અને કેટેગરીના સ્ટેન્ડએલોન સોલાર પંપ માટે મંજુર કરેલ વેન્ડરની યાદી મોકલવામાં આવેલ છે. જે જીયુવીએનએલના પત્ર ક્રમાંક ૧૩૧૪ તા. ૩૧-૦૭-૨૦૨૩થી તમામ વીજ વિતરણ કંપનીને મોકલવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પી.એમ. કુસુમ યોજનાના કોમ્પોનન્ટ-બી ના પોર્ટલ પર અગાઉ નોંધાયેલ અરજીઓ પડતર છે જે ને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

સદર પોર્ટલ પર નોંધાયેલ પડતર જૂની અરજીઓને પ્રાથમિકતા આપવા, ખેડૂતોને તેમના સ્ટેન્ડએલોન પંપ ઇન્સ્ટોલેશન માટે જૂની/ નવી એજન્સી માંથી વિકલ્પ આપવા અને બધા જ વેન્ડરો ને સમાન તક મળે તે માટે, નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે;

૧. સંલગ્ન વીજ વિતરણ કંપની એ પોર્ટલ પરથી આવી તમામ પડતર અરજીઓની યાદી retrieve કરવાની રહેશે અને સદર યાદી તેમના દ્વારા DGVCL દ્વારા એમ્પેનલ્ડ તમામ એજન્સી(વેન્ડર)ને LoA/ એમ્પેનલમેન્ટની સ્વીકૃતિની તારીખથી સાત (૭) દિવસની અંદર આપવાની રહેશે.

૨. એજન્સી દ્વારા લાભાર્થી પાસે થી તેમના ઇન્સ્ટોલેશનની આગળ પ્રક્રિયા કરવા માટે સંમતિ મેળવવાની રહેશે. એજન્સી દ્વારા લાભાર્થીની સંમતિ સાથે જરૂરી વિગતો અને સંબંધિત દસ્તાવેજો સંબંધિત લાભાર્થી સામે પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

૩. અરજીઓ સ્વીકારવા માટે પોર્ટલ એક માસ માટે ઓપેન કરવામાં આવશે. જેમાં પી.એમ. કુસુમ પોર્ટલ પર અગાઉ નોંધાયેલ પડતર અરજીઓને અગ્રતા આપવાની રહેશે. સમગ્ર પ્રક્રિયા એક માસમાં પૂર્ણ કરવાની રહેશે.

૪. આવા અરજદારોની યાદી નોંધણી નંબર સાથે સબડીવીઝન ઓફીસના નોટીસ બોર્ડ પર લગાવવાની રહેશે. આ અરજદારોએ એક મહિનાની નિયત સમય મર્યાદામાં જૂની અરજીના નોંધણી નંબર સાથે અરજી કરવાની રહેશે.

વધુમાં, Solar Energy Corporation of India Limited (SECI) દ્વારા કરવામાં આવેલ 3rd સેન્ટ્રલાઇઝ્ડ ટેન્ડર મુજબ પેર્ફોર્મેન્સ બેંક ગેરેંટી બીડર દ્વારા રાજ્યના કુલ એલોકેશન(૭૦૦૦)ના ૬% સંખ્યા(૪૨૦)ના ૩% રકમ અથવા તો ૨૫ પંપ સામે ભરવાપાત્ર પેર્ફોર્મેન્સ બેંક ગેરેંટી બન્ને માંથી જે વધારે હોઈ તે ભરવા તેમજ ઉપરોક્ત કર્તા વધારાની NTP આપવાના કિસ્સા માં તફાવતની પેર્ફોર્મેન્સ બેંક ગેરેંટી ભરવાની રહેશે. જે મુજબ, NTP આપતા પૂર્વે એમજીવીસીએલ, પીજીવીસીએલ અને યુજીવીસીએલએ ડીજીવીસીએલ પાસે થી PBG ની પર્યાપ્ત ઉપલબ્ધતા બાબતે ખરાઈ કરવાની રહેશે તેમજ ડીજીવીસીએલ દ્વારા તેનો રેકોર્ડ નિભાવાનો રહેશે.

વધુમાં, PM-KUSUM યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના અમલીકરણ માટે વીગતવાર સુધારેલ સંકલિત માર્ગદર્શિકા પત્ર ક્રમાંક ૧૫૨૧ તા. ૧૩-૦૯-૨૦૨૩ સંદર્ભ (૩)ના પત્રથી મોકલવામાં આવેલ છે, જે ના સંલગ્ન પરિશિષ્ટ અલગથી મોકલવામાં આવશે.

અરજીઓ સ્વીકારવા માટે પોર્ટલ ઓપન કરવાની તારીખ અલગથી જાણ કરવામાં આવશે.

સદર બાબત જાણ તેમજ નિયમાનુસાર જરૂરી કાર્યવાહી સારૂ સાદર મોકલવામાં આવે છે. જે માટે સંબંધિત અધિકારીશ્રીને જરૂરી સુચના પાઠવવા યોગ્ય કરશો.

આભાર સહ

આપનો વિશ્વાસુ,

13/9/23

(એસ. એસ. મોદી)
**મુખ્ય ઇજનેર(ટેક)**

**નકલ સાદર રવાના -**

1. મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ, વડોદરા
2. ડીરેકટરશ્રી(ટેકનીકલ/ ફાઈનાન્સ), જીયુવીએનએલ, વડોદરા
3. સંયુક્ત સચિવશ્રી (RE), ઉર્જા અને પેટ્રો. વિભાગ, સચિવાલય, ગાંધીનગર